જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦3/૨૦૨૩  બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૪૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૦૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૪૧૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નોકર ચોરીઃ-  સમાચાર યાદી નં.૪૧૫/૨૦૨૩

**મેઘાણીનગરઃ** કલ્પનાબહેન વા/ઓ શંકરભાઇ ખટનાની(ઉ.વ.૫૭)(રહે.સંત ગરીબદાસ સોસાયટી બંગલા એરીયા મેઘાણીનગર) એ તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ થી તા.૨૪/૦૨/૨૦૨૩ સાંજ ના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે કલ્પનાબહેનના ઘરમાં ઘરકામ કરતા આરોપી સુનીતાબહેન મનોજભાઇ ચૌહાણ (રહે.રબારીવાસ ગુરૂકૃપા બંગલા એરીયા મેઘાણીનગર)(મુળ ગામ: બલૈયા તા: ફતેપુરા જી: દાહોદ) નાઓ કલ્પનાબહેનના ઘરના બેડરૂમના લાકડાના કબાટમાંથી સોનાનો સેટ તથા સોનાનું કડુ તથા રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી  એમ.જી.લિંબોલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૧૬/૨૦૨૩**

**નિકોલઃ** ભારતીબહેન વા/ઓ દિલીપકુમાર પટેલ (ઉ.વ.૪૭) (રહે.શિરોમણી બંગ્લોઝ મંગલપાંડે હોલ ની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/03/૨૦૨૩ સવારના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી સળગી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન બપોરના ૧/30 વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પીપરોત્તર ચલાવે છે.

**ઓઢવઃ** રોહન મહેશભાઇ સોલંકી (ઉ.વ.૨૭)(રહે.રોહીતવાસ ઓઢવ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૬/03/૨૦૨૩ રાતના ૧૦/30 થી તા.૦૭/03/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** જયદીપભાઇ રાજુભાઇ પટેલ (ઉ.વ.૨૨)(રહે.આયોજનનગર વિંઝોલ ગામ પાસે એસ.પી.રીંગ રોડ જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૬/03/૨૦૨૩ રાતના ૧૦/30 થી તા.૦૭/03/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે સીલીંગના હુકમા દોરી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા બપોરના ૧૨/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી